


સુવિધાઓ ઊભી કર્યા પછી તેની જાળવણીમાં આપણે નબળા છીએ એનો વધુ એક નમૂનો. સૅક્ટર-૧ ૩માં જનસમુદાયની સવલત અર્થે મૂકવામાં આવેલા બાંકડાની સ્થિતિ દયનીય બની છે. (તસવીર : દિપક જાની)

# કચ્છ મિત્ર મંડળ દ્વારા આગામી સમયમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૪

કચ્છ મિત્ર મંડળ ગાંધીનગરની એક બેઠકનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં પ્રમુખ માવજીભાઈ રંગાણીની અધ્યક્ષતામાં નવરાત્રિ કાર્યક્રમ, એક દિવસીય પ્રવાસ અને સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સંવાદશ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા નવરાત્રી દરમિયાન એક દિવસના ગરબા કાર્યક્રમમાં વિવિધ સમાજના કચ્છી ઘટકો જોડાશે. તા. ૨૧મી ઓકટોબરના રોજ સપ્તક પાર્ટી પ્લોટ, રીલાયન્સ પેટ્રોલપંપની બાજુમાં, નારણપુરા, અમદાવાદમાં સાંજે ૭ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી નવરાત્રિ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં વ્યકિત દીઠ ૨૫ રૂ.ના એન્ટ્રી પાસ રાખવામાં આવ્યા છે. ગાંધીનગરમાં પાસ મેળવવા માટે નિલેન્દુભાઈ વોરા, મો.નં. ૯૪૨૭૮૦૧૪૦૩ અથવા વર્ષાબેન મહેતાનો મો.નં. ૯૪૨૮૦૪૯૦૦૮ પર સંપર્ક કરવો. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળ દ્વારા ૨૮મી ઓકટોબરે ઈડરીયો ગઢ, શારણેશ્વર, પોળાના જંગલો, વિરેશ્વર, હરણાવડેજાનો એક દિવસીય પ્રવાસ રાખવામાં આવ્યો છે. પ્રવાસ ફી વ્યકિત દીઠ ૩૦૦ રૂ. છે. પ્રવાસમાં જોડાવવા માટે ૧૦મી ઓકટોબર સુધીમાં માવજીભાઈ રંગાણી, નિલેન્દુભાઈ વોરા, વર્ષાબેન મહેતાનો સંપર્ક કરવો.

સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ડીસેમ્બર માસના બીજા રવિવારે યોજવાનું આયોજન છે. જે અંતર્ગત વાલીઓએ પોતાના બાળકની માર્કશીટ ૩૦મી નવેમ્બર ૨૦૧૨ પહેલા મોકલી આપવા જણાવ્યું છે. આ અંગે શતિભાઈ ઘોઘારી મો.નં. ૯૮૨૫૦ ૩૩૭૪૦, દીપક તન્ના, મો.નં. ૯૪૨૮૩૫૫૭૫૧, પ્રજ્ઞાબેન જોષી મો.નં ૯૪૨૯૨૮૪૩૧૯ ઉપર સંપર્ક કરવા જણાવ્યું છે.

## ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીય સ્તરે નિમણૂક



ગાંધીનગર, તા. ૪

અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને કાર્યકારિણીમાં સમાવી રાષ્ટ્રીય પ્રભારી મંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાંઆવી છે. ૨૭૦૦ પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સંમેલન યોજાયું હતું. ગુજરાત સહિત ૧૩ પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતા.

ગુજરાત સુથાર સમાજ દ્વારા જ્ઞાતિજનોનો ઓબીસીમાં સમાવેશ કરવા માટે રેલમંત્રી ભરતસિંહ સોલંકી સમક્ષ પુરાવા સાથે રજૂઆત કરી હતી. રજૂઆત સંદર્ભે કેન્દ્ર સરકારે જ્ઞાતિજનોને ઓબીસીમાં સમાવેશ કરેલ છે. રાજ્ય સ્તરે પણ સરકારી યોજનાઓ લાભ લેવામાં અગ્રેસર રહ્યાં હતા.

## જૈન દિગંબર દિનેશચંદ્ર શાહની જયપુરમાં સમાધિ

ગાંધીનગર, તા. ૪

પેથાપુર ગામના વતની અને ગાંધીનગર સેક્ટર-૨૨ના વિપુલ સાયકલ સ્ટોર્સના માલિક દિનેશચંદ્ર ધુરાલાલ શાહે જયપુર ખાતે પ.પૂ. ૧૦૮ આચાર્ય વિરાગસાગરજી મહારાજના હાથે દિગંબર મુનિ દિક્ષા દારણ કરી હતી. દિગંબર મુનિ દિનેશચંદ્ર શાહે ૩જી ઓક્ટોબરે સમાધિ લીધી હતી, તેઓ ૪થી ઓક્ટોબરે દેવલોક પામ્યા છે. દિગંબર જૈન સમાજ દ્વારા જયપુર ખાતે તેમની પાલખી યાત્રા નિકળશે.

## વણકર સમાજના યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાત વણકર સેવા સમાજના ડી.એમ. પરમારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગુજરાત વણકર સેવા સમાજ અમદાવાદ દ્વારા ૧૭મો જીવનસાથી પસંદગી મેળો તા. ૨૧મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારનાં રોજ બપોરે ૨ કલાકે શેઠ મંગળદાસ ટાઉનહોલ, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાશે.

જે લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓએ આ પસંદગી મેળામાં નિયત નમૂના પ્રમાણે ફોર્મ ભર્યા હોય તેમણે તેમના નાણાં ભર્યાની પહોંચ મેળવવા ગુજરાત વણકર સેવા સમાજના પ્રતિનિધિ નરોત્તમભાઈ પરમાર, દશરથલાલ પરમાર, કાન્તાબેન ડોડીયા, ચંપાબેન વાઘેલાનો સંપર્ક કરવા જણાવાયું છે.

## કડી પી.ટી.સી. કૉલેજમાં ગાંધી જ્યંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી પી.ટી.સી. કૉલેજ કેમ્પસ કડીમાં ગાંધી જ્યંતિ નિમિત્તે સ્વચ્છતા અભિયાનને ધ્યાનમાં રાખી શ્રમ યજ્ઞ કાર્યક્રમ કરાયો હતો. સૌએ સફાઇ યજ્ઞમાં જોડાઇ ગયા અને દેશભક્તિના ગીતો ગાયા હતા. આચાર્યશ્રી બાબુલાલ આર. પટેલ, અધ્યાપકશ્રીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાઇ શ્રમ યજ્ઞને સફળ બનાવ્યો હતો.

## ગેઝીયા ઉદ્યોગકારો વિદેશપ્રવાસે જશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ઈલેક્ટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેજીયા)ના વીસ ઉદ્યોગકારો તા. ૮ થી ૧૫ ઓકટોબર દરમિયાન તાઈવાન ખાતે યોજાનાર ઈલેકટ્રોનિકસ પ્રદર્શન/વેચાણ સેમિનારમાં ભાગ લેશે. પ્રમુખ અમૃતભાઈ પટેલની રાહબરી હેઠળ આ પ્રતિનિધિ મંડળ તાઈવાન ખાતે ઈલેકટ્રોનિકસ ઉદ્યોગમાં વધુ વિકાસની તકોનો અભ્યાસ કરશે અને આધુનિક ટેકનોલોજીથી પરિચિત થશે. કેન્દ્ર સરકારની એમ.એસ.એમ.ઈ. પ્રવાસ પ્રોત્સાહન યોજના હેઠળ એમ.ડી. શાહ (પાવન ઈલેકટ્રોનિકસ)ના માર્ગદર્શનમાં આ ઉદ્યોગકારો પ્રવાસ કરશે તેમ પણ ગેઝીયાના સેક્રેટરી મનસુખભાઈ ગોંડલિયાએ જણાવ્યું છે.

# જિલ્લા રાસ-ગરબા સ્પર્ધાના આયોજનમાં નીરસતા : કલાકારોનો ઉત્સાહ ઓસરાયો !

## ગત વર્ષે પણ માત્ર નામની જ એન્ટ્રી આવી હતી

ગાંધીનગર, તા. ૪

કલા અને સંસ્કૃતિની વૃત્તિ-પ્રવૃત્તિથી ધમધમતા નગરમાં જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધાના નિરસ આયોજનના લીધે કલા સંસ્થાઓમાં ઉત્સાહની ઉણપ વર્તાય છે. ગત વર્ષે પણ હુ, તુ અને રતનિયો તેમ માત્ર ત્રણ જ ગૃપની એન્ટ્રી વચ્ચે આ સ્પર્ધા જાણે ઘરમેળે જ આટોપી લેવાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું ! આ મામલે પણ નવરાત નજીકમાં હોવા છતાં નગરના કલાકારોને સ્ટેજ પુરૂ પાડતી સ્પર્ધાના આયોજનને હજુ આખરી કરાયું નથી. બીજી તરફ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા અને ભપકાદાર આયોજન માટે સંસ્થાના આર્થિક સહયોગની વાટ સેવાઈ રહી હોવાનો પણ ગણગણાટ છે. નોરતાની શરૂઆતમાં સ્પર્ધાનું આયોજન થાય તેવી સંભાવના છે. નગરમાં કાર્યરત અનેકવિધ કલા સંસ્થાઓના લીધે સાંસ્કૃતિક પર્વની ઉજવણીને લઈ વિશેષ ઉત્સાહ જોવા મળે છે. પરંતુ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધાના નિરસ આયોજનના લીધે નગરના કલારસિકોમાં ભારે ઉદાસીનતા છવાઈ છે. સ્પર્ધકોનો ઉત્સાહ ઓસરી ગયા બાદ સ્પર્ધા પાછળ થતા ખર્ચની રકમમાં પણ નિરસ આયોજનને જાળવી રાખવા પુરતો જ વધારો કરાયો હોવાનું સ્પષ્ટ થયું છે. સ્પર્ધાના આયોજન માટે ફળવાતી રકમમાંથી સ્થળ, સાઉન્ડ સીસ્ટમ તેમજ નિર્ણાયક પાછળના કર્ચ સહિત સ્પર્ધકોની ટ્રોફી સુધી પણ પુરી પડે તેમ ન હોવાનો ગણગણાટ પ્રબળ બન્યો છે. ત્યારે આયોજકોએ પણ આ સ્પર્ધાને વાસ્તવિકરૂપે મંચ આપવા અન્ય કોઈ સંસ્થા પર નિર્ભર રહેવું પડે તેવી સ્થિતિ છે. ગત વર્ષ પણ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે માત્ર ત્રણ જ ગૃપની એન્ટ્રી આપી હોવાનું ધ્યાને આવ્યું હતું. જ્યારે આ વર્ષેપણ આ સ્પર્ધા સંદર્ભે કોઈ નક્કર આયોજન થઈ સક્યુ નથી.

# ઘ-૫ નજીકથી સાયકલ લઈને જતી યુવતીની ધોળે દહાડે છેડતી

## અશ્લિલ ચેનચાળા કરીને બાઈકથી ઈરાદાપૂર્વક ટક્કર મારનાર શખ્સ સામે પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઘ-૫ પાસેના એક બ્યુટીપાર્લરથી સાયકલ લઈને ઘરે જઈ રહેલી યુવતીની સે. ૨૩ સ્વામિનારાયણ સ્કૂલ પાસે ઘ-૫ નજીક દિન દહાડે બાઈક ચાલક યુવાને છેડતી કરતાં ચકચાર મચી જવા પામી છે.

બાઈક પર આવેલા શખ્સે તેણીની પાસે જઈને અશ્લિલ ચેનચાળા કરી ઈરાદાપૂર્વક બાઈકથી સાયકલને ટક્કર મારતા યુવતીને ઈજાઓ થવા પામી હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલી યુવતીએ તે બાઈકચાલક શખ્સ વિરૂદ્ધ છેડતી અંગે ફરીયાદ નોંધાવતા સે. ૨૧ પોલીસે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે શોધખોળ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪માં રહેતી એક યુવતી ઘ-૫ નજીકના એક બ્યુટી પાર્લરમાં નોકરી કરે છે. નોકરીથી બપોરે તે યુવતી સાઈકલ લઈને ઘરે જવા નીકળી ત્યારે સે. ૨૩ સ્વામિનારાયણ શાળા નજીક ચોકડી પાસેથી એક બાઈક પર યુવાન શખ્સ આવી ગયો અને સાયકલ લઈને જતી યુવતીની છેડતી કરવા લાગ્યો હતો.

જીઈબી છાપરામાં રહેતો જીતેન્દ્ર ઊર્ફે પાંચુ બાબુભાઈ નામનો આ શખ્સ અશ્લીલ ચેનચાળા કરીને યુવતીની નજીક બાઈક લઈ ગયો અને ઈરાદાપૂર્વક બાઈક યુવતીની સાયકલ સાથે ટકરાવી દેતા યુવતી જમીનદોસ્ત થઈ ગઈ હતી. હાથે-પગે તથા શરીરે ઈજાઓ થતાં તેણીને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. યુવતીએ તે શખ્સ વિરૂદ્ધ છેડતીની ફરિયાદ આપતા સે. ૨૧ પોલીસમથકના જમાદાર વસંતકુમારે ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે. યુવતીના જણાવ્યામુજબ આ મવાલી શખ્સ અવારનવાર તેણીની છેડતી માટેના પ્રયાસો કરતો હોય છે પરંતુ આજે કોઈની અવરજવર ન દેખાતા તેને મોકો મળી ગયો હતો.

## જીઆઈપીએસના પાંચ વિદ્યાર્થીઓની રાજ્ય કક્ષાની કરાટે સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલી ગાંધીનગર ઈન્ટરનેસનલ પબ્લિક સ્કૂલના પાંચ વિદ્યાર્થીઓનું તાજેતરમાં જિલ્લા કક્ષાની કરાટે ટૂર્નામેન્ટમાં સુંદર પ્રદર્શન થતાં સ્ટેટ લેવલની ટૂર્નામેન્ટમાં તેમની પસંદગી થવા પામી છે. જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા તાજેતરમાં કુડાસણ ખાતે જિલ્લા કક્ષાની કરાટે ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટૂર્નામેન્ટમાં જી.આઈ.પી.એસ.ના ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૧૦માંથી ૫ વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાની સ્પર્ધામાં પસંદગી થઈ છે. હર્ષ પંડ્યા, રોનક ચૌધરી, કૃણાલ સોની, રવીન્દ્ર ચૌધરી અને યશ્વી ડોલસીયાનું જિલ્લાકક્ષાની કરાટે ટૂર્નામેન્ટમાં સુંદર પ્રદર્શન હોવાથી તેમની પસંદગી રાજયકક્ષાની ટૂર્નામેન્ટમાં થઈ છે. શાળાના આચાર્ય અને શિક્ષકગણે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

## તપોવન સંસ્કાર પીઠમાં ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મ જયંતિ ઉજવાઈ

ગાંધીનગર, તા. ૪

તપોવન સંસ્કાર પીઠમાં પૂ.પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાના સાહેબની નિશ્રામાં ૨ ઓક્ટોબરે ગાંધી તથા શાસ્ત્રીજીની જન્મ જયંતિ નિમિત્તે ધોરણ-૫ થી ધોરણ -૧૨ના બાળકો માટે જીવનપ્રેરક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધીજી અને લાલ બહાદૂર શાસ્ત્રીના જીવન પ્રસંગો આધારિત નાટિકા, એક પાત્રિય અભિનય અને માઈમનો સુંદર કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપિતા અને વડાપ્રધાનના જીવનમાંથી પ્રેરણા લઈ ધર્મ, રાષ્ટ્ર અને સંસ્કૃતિની રક્ષા માટે કટિબદ્ધ બનવા પૂ. ભવ્યકીર્તિવિજય મ.સા., સુશ્રાવક નરેન્દ્રભાઈ કામદાર તથા સંસ્થાના ગૃહપતિ અલ્પેશભાઈ શાહે પ્રેરણાત્મક પ્રસંગો રજૂ કર્યા હતા. શાળાના વિદ્યાર્થી પ્રેમ, હેત, કલ્પ, ધ્રુવ, મેઘ, આલપ, અક્ષિત, જૈનમ, મીત, રોનિત, તનીશ, કરણરાજ, સ્મીત, પાર્થ, ભાવિન, સિદ્ધ, રક્ષિત, કુશલ, રુશલ, આશિત, ભવ્ય, જય, ચારિત્ર, આશિક, વિકાસ, પાર્મિત, ઓમ, આર્જવ, યશ, જય, સાગર, વત્સલ, મહાવીર, હીલ અને દેવ વગેરેએ નાટિકા, એકપાત્રિય અભિનય અને માઈમમાં ભાગ લીધો હતો. ભાગ લેનાર દરેક બાળકને રૂ. ૨૧ રૂ.ની પ્રભાવના અને પ્રસાદી સંસ્થા તરફથી આપવામાં આવી હતી.

## બેંકના પ્રૌઢ કર્મચારીનો લીંબડીયા કેનાલમાં ઝંપલાવી આપઘાત

### માનસિક સ્થિતિ નબળી હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું

ગાંધીનગર, તા. ૪

અમદાવાદના સઈજપુર બોઘા વિસ્તારમાં રહેતા અને બેંકમાં નોકરી કરતાં પ્રૌઢ વયના કર્મચારીએ ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાં ઝંપલાવી આપઘાત કરી લીધો છે. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ આરંભી છે. આપઘાતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પરંતુ પ્રૌઢ કર્મચારી લાંબા સમયથી માનસિક બિમારીનો સામનો કરી રહ્યા હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

અમદાવાદના સઈજપુર બોઘા ખાતે સ્થિત સુમનપાર્કમાં રહેતા ૫૬ વર્ષિય ભલાભાઈ પુશાભાઈ પરમાર બેન્કમાં નોકરી કરતા હતા. પરંતુ છેલ્લા ઘણા સમયથી તેમની માનસિક સ્થિતિ નબળી પડી જતાં ઓફીસ પણ જતા ન હતા. દરમ્યાન ગઈકાલે સવારના સુમારે તેઓ ઘરેથી ચાલ્યા ગયા હતા. આખી બપોર અને મોડી સાંજ બાદ પણ ઘરે પરત ન ફરતાં પરીવારજનો રાતભર શોધખોળ કરી હતી પરંતુ ક્યાંયથી તેમનો પત્તો લાગ્યો ન હતો. દરમ્યાન ગાંધીનગર નજીક લીંબડીયા કેનાલ પાસેથી પસાર થતા કેનાલ સિક્યુરીટી ગાર્ડને કેનાલના પાણીમાંથી તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને જાણ કરતાં ડભોડા પોલીસમથકના પી.એસ.આઈ. રાઠવા ઘટનાસ્થળે સ્ટાફ સાથે આવી પહોંચ્યા હતા. પોલીસે તપાસ કરતાં તે મૃતદેહ ભલાભાઈનો જ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપા આરંભી છે.

## મોચી સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગુજરાતી દંડાવ્ય વિભાગ જનક્ષત્રિય મોચી સમાજ સમૂહલગ્ન ટ્રસ્ટ દ્વારા સમસ્ત મોચી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટેનો દ્વિતીય જીવનસાથી પસંદગી મેળો ૨૦મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ટાઉનહોલ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે.

લગ્નોત્સુક યુવક યુવતીઓએ ૩૦મી નવેમ્બર-૨૦૧૨ સુધીમાં પોતાના બાયોડેટા સહિતની સંપૂર્ણ માહિતી ફોર્મ ભરે છે. કનુભાઈ સોલંકીને પ્લોટ નં. ૯૭૮/૧, સેક્ટર-૨-સી, ગાંધીનગર ખાતે આપવી. આ અંગેની વધુ વિગતો મો. નં. ૯૪૨૭૩૦૩૧૨૩ પરથી મેળવી શકાશે.



ગ રોડ ઉપર વારંવાર તૂટી જતાં ગટરનાં ઢાંકણા ચર્ચાનો વિષય બન્યા છે. અલબત્ત, હાલમાં જ અહીં નવાં ઢાંકણ નંખાયાં છે, જે જળવાય એવી આશા તંત્ર સેવી રહ્યું છે. (તસવીર : દિપક જાની)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪

સૂર્યાસ્ત : ૬.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે. લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૫૦ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ઇંગ્લીશ વિંગ્લીશ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦

બર્ફી : ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

ઇંગ્લીશ વિગ્લીશ : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,

ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૩ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૯.૦૦, ૪.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૧.૩૦, ૨.૧૫

ઇંગ્લીશ વિગ્લીશ : ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

બર્ફી : ૧૦.૪૫, ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૩૦

ઓહ ! માય ગૉડ : ૬.૪૫

### સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઇંગ્લીશ વિગ્લીશ : ૧.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કિસ્મત લવ પૈસા દિલ્લી : ૧૦.૪૫, ૩.૧૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ઓહ! માય ગોડ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૧૫

કમાલ ધમાલ માલામાલ : ૧૧.૩૦, ૬.૧૫

### ચિરાગ, કલોલ

મારા હૃદયે વાલા બાપા સીતારામ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : આજે કૌટુંબિક શુભ કાર્યોનું આયોજન થઈ શકશે. આર્થિક સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. નોકરીમાં પ્રગતિ થઈ શકે છે. સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે કાર્યોમાં સમયનો વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કર્ક** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**સિંહ** : જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કન્યા** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

**તુલા** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. સામાજિત ક્ષેત્રે તમારી પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**વૃશ્ચિક** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**ધન** : નીતિગત કોર્ટ કચેરીની સમસ્યાઓમાં સમય પસાર થઈ શકે છે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**મકર** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**કુંભ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**મીન** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ઉષાબેન ભરતભાઈ ત્રિવેદી (ઉ.વ. ૫૪) પ્લોટ નં. ૫૭૮/૨, સેકટર-૩૦, ગાંધીનગર
- સ્વ. બબુબેન શકરાભાઈ ગોહિલ (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૧૩૦૦/૨, સેકટર-૩/બી, ગાંધીનગર